
## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



હુ વેક્સીન લઈ તો લઉ પમ પ્રોબ્લેમ એ છે કે બધાને ખબર પડી જાય ને કે હું પચ્ચાસ ઉપરની છું...!!

# ગાંધીનગર આર.ટી.ઓ. કચેરીમાં મંજુર મહેકમ સામે ૨૧ જગ્યાઓ ખાલી

### આર.ટી.ઓ.માં ૫૧ના મંજુર મહેકમ સામે એક સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, મોટર વાહન નિરક્ષકની ૭, કલાર્કની ૧૦ અને જનસંપર્ક અધિકારી તેમજ પટાવાળાની પણ જગ્યા ભરાઇ નથી

ગાંધીનગર તા ૪

ગાંધીનગર આર ટી ઓ કચેરી માટે વિવિધ સંવર્ગ મુજબ મંજુર થયેલા ૫૨ ના મહેકમ પૈકી ૩૧ જગ્યાઓ ભરેલી છે. જયારે ૨૧ જગ્યાઓ ખાલી છે. જેમાં સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી વર્ગ-૨ ની એક જગ્યા પણ ખાલી છે. આ ઉપરાંત ઈન્સપેકટર તેમજ કારકુનની પણ ૧૭ જગ્યા લાંબા સમયથી ખાલી છે. એકબાજુ આર ટી ઓ કચેરીમાં પેપરલેસ વહીવટની વાતો વચ્ચે અરજદરોએ સર્વર ડાઉન રહેતી હોવાની ટેકનિકલ ખામીના લીધે અનેકવાર ધક્કે ચઢવાનો વારો આવે છે ત્યારે મંજુર મહેકમ સામે ખાલી જગ્યાઓ પણ લાંબા સમયથી ન ભરાતા આર ટી ઓ કચેરીના વહીવટ પર વિપરિત અસર થઈ છે.

નગરના ગ માર્ગ પર સ્થિત હાઈટેક કહેવાતી આર ટી ઓ કચેરીમાં મંજુર મહેકમ સામે ખાલી જગ્યાઓ વિશેષ છે. લાંબા સમયથી કચેરીમાં જરૂરી જગ્યાઓ ન ભરાતા કચેરીનો વહીવટ પણ મંદ અવસ્થામા ચાલી રહ્યો છે. પેપરલેસ કચેરીની વાતો વચ્ચે અનેકવાર ટેકનિકલ ખામીના લીધે સર્વર ડાઉન થવાની સમસ્યાથી અરજદારોએ ધક્કા ખાવાનો વારો આવે છે. ત્યારે આર ટી ઓના મંજુર મહેકમ સામેની ખાલી જગ્યાઓ પણ ઝડપથી ભરવામાં આવે તેવી માંગણી અરજદારોમાં ઉઠવા પામી છે. હાલની સ્થિતિએ આર ટી ઓ કચેરીમાં ૫૧ ના મંજુર મહેકમ સામે ૩૧ જગ્યાઓ ભરેલી છે. જયારે ૨૧ જગ્યાઓ ખાલી છે. જેમાં એક સહાયક પ્રાદેશિક વાહન વ્યહાર અધિકારી વર્ગ -૨ ની એક, મોટર વાહન નિરિક્ષક વર્ગ - ૨ ની ચાર, સહાયક મોટર વાહન નિરિક્ષક વર્ગ- ૩ની ૩ જનસંપર્ક અધિકારીની એક, હેડ કલાર્કની એક, સિનિયર કલાર્કની ૫, જુનિયર કલાર્કની ૪ તેમજ આંકડા મદદનીશ અને પટાવાળાની એક એક જગ્યા ખાલી છે. આમ આર ટી ઓ કચેરીમાં મંજુર મહેકમ સામે ૨૧ જગ્યા ખાલી હોવાનુ પણ વિધાનસભાની પ્રશ્નોત્તરી દરમિયાન વાહન વ્યવહાર મંત્રીએ ઉત્તરમાં જણાંવ્યુ છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કોરોના વેક્સીનેશનના બીજા રાઉન્ડમાં આજે ૫૦૦ થી વધુ લાભાર્થીઓનું વેક્સીનેશન કરાયુ હતુ. જો કે શહેરમાં બધા સેન્ટરો પર થઈ બે હજાર લોકોનું એક જ દિવસમાં વેક્સીનેશન થયુ છે.
- ચણાની ટેકાના ભાવે ખરીદી શરૂ કરવાની કામગીરી અંગે આજે જિલ્લા કલેકટરના અધ્યક્ષપદે ખાસ બેઠક યોજાઈ હતી.
- જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની વિવિધ યોજનાઓની છેલ્લા બે દિવસથી જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી શાલિની દુહાને સમીક્ષા હાથ ધરી છે.
- ગાંધીનગર શહેરમાં આજે ટ્રાફિકનું ભારણ પ્રમાણમાં હળવુ જણાયુ હતુ.
- પ્રધાનમંત્રી સ્વનિધિ યોજનાની અમલવારીને લઈ આજે મનપાના અધિકારીઓ સાથે ભારત સરકારે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી સમીક્ષા કરી હતી.
- રાજયના મુખ્ય સચિવ અનિલ મુકીમે વેકસીનેશનના બીજા રાઉન્ડમાં થયેલ કામગીરીને લઈ જિલ્લાના અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી સમીક્ષા કરી હતી.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં બીજા રાઉન્ડમાં ૬૨૦૦ થી વધુ વ્યક્તીઓનું વેક્સીનેશન કરવામાં આવ્યુ છે.

# ‘મોર્નિંગ વૉક’માં નીકળેલા પીએસઆઈ હૃદયરોગનો હુમલો થતાં ઢળી પડ્યા

ગાંધીનગર, તા.૪

સેકટર-૨૭ એસપી કચેરી ખાતે ફરજ બજાવતા પીએસઆઈનું મોર્નિંગ વોક દરમિયાન હદયરોગના હુમલાથી મૃત્યું નિપજયું હતું. પીએસઆઈ અને તેમના પત્ની ચાલી રહ્યા હતા તે સમયે જીતેન્દ્રસિંહ રાણા અચાનક ઢળી પડ્યા હતા. મૃતક પીએસઆઈ વાયરલેસ પીએસઆઈ તરીકે ફરજ બજાવતા હતા. તેમના મૃત્યુના સમાચાર મળતા ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને ધારાસભ્ય દોડી આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ ડીએસપી કચેરી ખાતે ફરજ બજાવતા વાયરલેસ પીએસઆઈ જીતેન્દ્રસિંહ મહેન્દ્રસિંહ રાણા (ઉં.૪૫ મુળ રહે લીંબડી, સુરેન્દ્રનગર) સેકટર-૨૭ પોલીસ લાઈન ખાતે પત્ની અને બે બાળકો સાથે રહેતા હતા. એએસઆઈમાંથી પ્રમોશન મેળવી જીતેન્દ્રસિંહ પીએસઆઈ બન્યા હતા. સેકટર-૨૭ એસઆરપી ગાર્ડન ખાતે નિત્યક્રમ મુજબ ગુરુવારના રોજ વહેલી સવારે પીએસઆઈ તેમના પત્ની આશાબા સાથે મોર્નિંગ વોકમાં નીકળ્યા હતા. સવારના સમયે થોડુ ચાલ્યા બાદ પીએસઆઈ અચાનક ઢળી પડ્યા હતા અને મોંઢામાંથી ફીણ નીકળતુ હતું. જેથી ગાર્ડનમાં રહેલા અન્ય પોલીસ જવાનો દોડી આવ્યા હતા અને ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ ગયા હતા. જયાં ફરજ પરના તબિબે તેમને ચકાસીને મૃત જાહેર કર્યા હતા.

બનાવની જાણ થતા ધારાસભ્ય કિરીટસિંહ રાણા, જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા અને અમદાવાદ ક્રાઈમ ડી.પી.ચુડાસમા સહિત પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સિવિલ હોસ્પિટલ ખાતે આવી ગયા હતા. સિવિલમાં મૃતક પીએસઆઈનું પીએમ કરાયું હતું.જયારે સિવિલ કેમ્પસ ખાતે હાજર ઉચ્ચ અધિકારીઓએ પીએસઆઈના પાર્થિવ દેહને ફુલહાર અર્પણ કરી શ્રધ્ધાંજલિ અર્પી હતી. ત્યારબાદ તેમના પાર્થિવ શરીરને લૌકિક ક્રિયા માટે વતન સુરેન્દ્રનગર લઈ જવાયો હતો. પીએસઆઈના મૃત્યુના પોલીસબેડામાં ફેલાતા શોકનું મોજુ ફરી વળ્યું છે.

## વૈષ્ણોદેવી સર્કલ પાસે એમવીજે સુપર માર્કેટ પાસેથી કારનો કાચ તોડી બેગની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૪

ખોરજ ગામની સીમમાં આવેલા એમવીજે સુપર માર્કેટ સામે માર્ગ પરથી ઈનોવા ગાડીનો કારનો કાચ તોડી બેગની ચોરી થઈ હતી. આ બેગમાં રોકડા રૂ.૨૫ હજાર હતા જે કોઈ ચોર શખ્સો લઈ ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ વૈષ્ણોદેવી સર્કલ પાસે શાલીગ્રામ લેકવ્યુ પાસે રત્ન પેરેડાઈઝ ખાતે એ.૭૦૨ ખાતે રહેતા જેસલ અરવિંદભાઈ ચોકસી પોતાના પરિવાર સાથે રહે છે. તેઓ ઓએનજીસી ખાતે સર્વિસ કોન્ટ્રાકટર તરીકે વેપાર કરે છે. ગત તા.૨ના રોજ શેરથા વર્કશોપથી ફરીયાદી પોતાની ઈનોવા કાર નં. જી.જે.૧૮ બી.જે.૩૩૯૯ લઈને ઘરે આવવા નીકળ્યા હતા. ત્યારે આઠ વાગ્યાના અરસામાં એમવીજે સુપર માર્કેટમાં શાકની ખરીદી માટે ગયા હતા.શાક લઈ ગણતરીની મિનીટોમાં પરત ફરતા ફરીયાદીએ જોયુ તો કારનો કાચ તુટેલો હતો અને પાછળ રહેલી લેપટોપ બેગ ગાયબ હતી. બેગમાં રોકડા રૂ.૨૫ હજાર અને આધારકાર્ડ , પાનકાર્ડ, ચુંટણી કાર્ડ, પેઢીના કાગળો, ચેકબુક, સહિતના જરુરી કાગળો હતા. જો કે ફરીયાદીએ પોતાની રીતે શોધખોળ કરતા બેગ અને જરુરી કાગળો મળી આવ્યા હતા પરંતુ રૂપીયા બેગમાંથી ગાયબ હતા.



શહેરમાં કોરોના કાળના કપરા સમયમાં ઘરે ઘરે ફરી સેનેટાઈઝર અને માસ્કનું વિતરણ કરી સામાજિક જવાબદારી અદા કરનાર જાણીતી કલા સંસ્થા પનઘટના કલાકારોની કોરોના વોરિયર્સનું પ્રમાણપત્ર આપી મેયર શ્રીમતી રીટાબેન પટેલે અભિવાદન કર્યું હતું.

# જિલ્લામાં આજે નવા ૧૧ કેસ : ૧૫ને ડિસ્ચાર્જ

### રાંદેસણમાં બે કેસ સહિત વાવોલ, કુડાસણ અને સરગાસણમાં કેસ મળ્યા : સે. ૫ માં બે કેસ સહિત સે. ૬, ૧૩, ૨૫ અને સે. ૨૮ માંથી કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના વધુ ૧૧ કેસ નોંધાયા છે. ગાંધીનગર શહેરમાં ૬ અને ગ્રામ્ય વિસ્તારમાં ૫ કેસ નોંધાયા છે.

જિલ્લામાં કોરોનાના કેસોમાં સતત ચડાવ-ઉતારની સ્થિતિ જોવા મળી રહી છે. જિલ્લામાં આજે નોંધાયેલ ૧૧ કેસમાં ૬ કેસ મહિલા દર્દીના છે. તંત્ર માટે મહિલાઓ અને વિદ્યાર્થીઓ જે રીતે સંક્રમિત થઈ રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર તાલુકામાં કોરોનાની સ્થિતિ હજુ નિયંત્રણમાં આવી નથી. ગાંધીનગર તાલુકામાંથી જે રીતે કેસો નીકળી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે.

ગાંધીનગર તાલુકામાં આજે રાંદેસણ ગામેથી બે કેસ ઉપરાંત વાવોલ, કુડાસણ અને સરગાસણમાંથી કેસો મળી આવેલ છે. આજે નોંધાયેલા તમામ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૧૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૪૧૨૯ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૦ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે અને ૬૬૭ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૬ કેસ નોંધાયા છે. જેમાં ચાર મહિલા દર્દીનો સમાવેશ થાય છે. શહેરમાં આજે નોંધાયેલા ૬ દર્દીમાંથી એક દર્દીને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

આજે સંક્રમિત થનારાઓમાં એક નાયબ કાર્યપાલક ઈજનેર, એક વિદ્યાર્થી તેમજ એક ખાનગી સ્કૂલના કર્મયોગીનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે સે. ૫ માંથી બે કેસ ઉપરાંત સે. ૨૮, ૨૫, ૬ અને સે. ૧૩ માંથી કેસો મળી આવેલ છે. કોરોના માટે સંવેદનશીલ બનેલ સેક્ટરોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

આજે વધુ પાંચ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે ૫૦ દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ૮૦ દર્દીઓ એક્ટીવ કેસ છે.

## કચ્છમાં મોડી રાત્રે ભૂકંપના આંચકા

કચ્છની ધારા સતત ધ્રુજી રહી છે. અવારનવાર ભૂકંપના આંચકા એ કચ્છી માંડું માટે સામાન્ય થઈ ચુક્યા છે. છતાંય અવારનવાર આવતા ભૂકંપના આંચકા લોકોમાં દહેશત ફેલાવી જાય છે. ગઈ કાલે રાત્રે પણ કચ્છની ધારા ધ્રુજી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર મોડી રાત્રે ૩.૨૯ કલાકે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. અને લોકો ઊંઘમાંથી સફાળા જાગી ગયા હતા. રિકટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૩.૯ નોધાઈ છે. જયારે ભૂકંપનું કેન્દ્રબિંદુ રાપરથી ૧૪ કિ.મી. દૂર હોવાનું જાણવા મળ્યું છે.



## ‘માનવ જીવનમાં જંગલનું મહત્વ’ વિષયે વાર્તાલાપ યોજાયો

મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરામાં ‘માનવ જીવનમાં જંગલના મહત્વ’ અંગે પ્રાધ્યાપક ડૉ. બાદરભાઈ કુરેશીએ વાર્તાલાપ આપતાં જણાવ્યું કે આપણે ત્યાં ૩૩ ટકા જંગલો હોવા જોઈએ તેના બદલે ૭ ટકા જંગલો છે. આ અસમાનતા પર્યાવરણ માટે જોખમી છે. કપાતા વૃક્ષોને બચાવવા અને નવાં વૃક્ષો ઉછેરવાં એ પર્યાવરણ જાળવણીનો ઉકેલ છે. વૃક્ષ નહીં તો જંગલ નહીં, જંગલ નહીં તો જીવન નહીં અંગેની ફિલ્મ બતાવી પર્યાવરણ સંરક્ષણ માટે માનવધર્મ યાદ દેવડાવ્યો. રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતી દેવું એ વકતાનો પરિચય અને આભાર દર્શન કર્યું હતું.

## ઈવીએમ કમલમમાં નથી બનતા, કોંગ્રેસવાળા હાર પચાવતા શીખે : નીતિન પટેલ

ગાંધીનગર,તા.૪

રાજયમાં હાલમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં કોંગ્રેસનો કારમો પરાજય થયો હતો. કોંગ્રેસની ૬ મહાનગર પાલિકા, ૩૧ જિલ્લા પંચાયત હાર થઈ હતી. તો પાર્ટીએ નગરપાલિકા અને તાલુકા પંચાયતની ૮૦ ટકા બેઠકો ગુમાવી હતી. આ હાર બાદ કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ ઈવીએમ પર સવાલો ઉઠાવ્યા હતા. તેમણે હારનું એક કારણ ઈવીએમને ગણાવ્યું હતું. હવે ઈવીએમ મુદ્દે વિધાનસભામાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલએ કોંગ્રેસને જવાબ આપ્યો છે. નીતિન પટેલે કહ્યુ કે, ઈવીએમ કમલમમાં બનતા નથી.

નાયબ મુખ્યમંત્રીએ વિધાનસભામાં કોંગ્રેસને જવાબ આપતા કહ્યું કે, ઈવીએમ કમલમમાં બનતા નથી. ભાજપ ઈવીએમ બનાવતું નથી. અમારી ફેક્ટરી નથી. નીતિન પટેલે કહ્યુ કે, કોંગ્રેસ ઈવીએમ પર દોષ ઢોળવા કરતા પોતાની ભૂલ સ્વીકારે. કોંગ્રેસ જીતનારને અભિનંદન આપી શકતી નથી અને હાર પચાવી શકતી નથી. નીતિન પટેલે કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યુ કે, પંજાબમાં જીત મળી તો ઈવીએમ કોઈ બોલ્યું નથી. નિર્જિવ મશીન પર હારનું ઠીકરુ ફોડવામાં આવી રહ્યું છે.




**શ્રી સમસ્ત મોઢ બ્રાહ્મણ સમાજ ગુજરાતનું જીવન સાથી પસંદગી બુકનું વિમોચન કરાયું**

શ્રી સમસ્ત મોઢ બ્રાહ્મણ સમાજ ગુજરાત દ્વારા સોલા ભાગવત મોઢેશ્વરી માતાજીના મંદિર ખાતે જીવન સાથી પસંદગી, ૨૦૨૧ ની બુકનું વિમોચન કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે બ્રહ્મ સમાજના અગ્રણી અને એડવોકેટ અશ્વિન ત્રિવેદીએ ખાસ ઉપસ્થિત રહી બુકનું વિમોચન કરતા જણાવ્યું કે સમાજના દીકરા દીકરીઓએ સમાજમાં જ પરણાવવા આગ્રહ રાખવો જોઈએ. સમાજના પ્રમુખ ધીરેનભાઈ ત્રિવેદી, મહામંત્રી આનંદ ત્રિવેદી તથા અગ્રણી મનુભાઈ જાની સહિત સમગ્ર ગુજરાતમાંથી હોદ્દેદારો ઉપસ્થિત રહી શુભેચ્છા પાઠવી હતી.

## નેશનલ યોગાસન સ્પોર્ટસ ચેમ્પિયનશીપમાં ગુજરાતની ટીમ માટે ઓનલાઈન પસંદગી પ્રક્રિયાનું આયોજન

ગાંધીનગર, તા. ૪

નેશનલ યોગાસન સ્પોર્ટસ ફેડરેશન દ્વારા આગામી તા. ૨૪ થી ૨૬ માર્ચ દરમ્યાન ઓનલાઈન નેશનલ યોગાસન સ્પોર્ટસ ચેમ્પિયનશીપનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા માટે ગુજરાતની યોગાસન ટીમની પસંદગી પણ ઓનલાઈન કરવામાં આવશે જે માટે ગુજરાત યોગાસન સ્પોર્ટસ એસોસિએશનને તેની વેબસાઈટ પરથી ઓનલાઈન અરજી તા. ૭ મી માર્ચ સુધીમાં કરવાની રહેશે અને તેમાં રજીસ્ટ્રેશન સાથે વિડીયો બનાવી યુ-ટ્યૂબ પર અપલોડ કરીને તેની લિંક પણ મોકલવાની રહેશે.

નેશનલ યોગાસન સ્પોર્ટસ ચેમ્પિયનશીપની પ્રથમ રાજયસ્તરીય પ્રતિયોગિતા માટે યોગ શિક્ષક, યોગ કોચ સહિત યોગાસનના ખેલાડીઓએ http//yogasanagujarat.in પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરીને યુ-ટ્યૂબ પર અપલોડ કરેલ વિડીયોની લિંક સાથે ગુજરાત યોગાસન સ્પોર્ટસ એસોસિએશનને તા. ૭ મી માર્ચ સુધીમાં મોકલવાનું અખબારી યાદીમાં જણાવાયુ છે. આ સ્પર્ધામાં વર્ષ ૨૦૧૮, ૨૦૧૯ અને ૨૦૨૦ માં નેશનલ ચેમ્પિયનશીપમાં ગોલ્ડ, સિલ્વર કે બ્રોન્ઝ મેડલ્સ મેળવનાર ખેલાડીઓને તથા સ્ટેટ ચેમ્પિયનશીપમાં ગોલ્ડ મેડલ મેળવનાર ખેલાડીઓને ક્વાર્ટર ફાઈનલ રાઉન્ડમાં સીધો પ્રવેશ અપાશે. આ સાથે ક્વોલિફાઈંગ રાઉન્ડમાં ભાગ લેનાર ખેલાડીએ સાત પૈકી કોઈપણ પાંચ આસનનો વિડીયો બનાવીને અપલોડ કરવાનો રહેશે તેવું અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ડિસ્ટ્રીકટ કોર્ટમાં એ.સી. મુકવા બાર એસોસિએશનની રજુઆત

### ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં વકીલો તેમજ કોર્ટ સ્ટાફ ગુંગળામણ અનુભવે છે

ગાંધીનગર તા ૪

ગાંધીનગરના કોર્ટ બિલ્ડીંગમાં ડિસ્ટ્રીકટ અને જોઈન્ટ ડીસ્ટ્રીકટ કોર્ટ સાથે અન્ય કોર્ટોમાં પણ એ સી ની વ્યવસ્થા કરવામાં આવે તેવી રજુઆત ડિસ્ટ્રીકટ બાર એસોસિએશને કરી છે. ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં વકીલો તેમજ કોર્ટના કર્મચારીઓની કામગીરી પર વિપરિત અસર થાય છે જેના લીધે કોર્ટ કામગીરી પણ સરળતાથી અને ઝડપથી થઈ શકતી નથી ત્યારે આ સ્થિતિને ધ્યાને લઈ એ સી ની વ્યવસ્થા કરવા માટે પણ બેઠક દરમિયાન વકીલોએ રજુઆત કરી છે.

શહેરમાં ઉનાળાની આકરી ગરમી શરૂ થઈ ગઈ છે. ત્યારે કોર્ટમાં પણ વકીલો ખુલ્લા શેડ નીચે બેસતા હોય છે. આ ઉપરાંત કોર્ટ રૂમમાં પણ ગરમી સહન કરે છે. આવા સંજોગોમાં કોર્ટમાં ગરમીથી બચવા માટે એર કુલર મુકવામાં આવે તેવી લાગણી અને માંગણી વકીલોએ વ્યકત કરી છે. ગાંધીનગર ડિસ્ટ્રીકટ બાર એસોસિએશને આ અંગે રજુઆતમાં જણાંવ્યા મુજબ ડિસ્ટ્રીકટ કોર્ટમાં કેસોનો ઝડપી નિકાલ આવે તેવા પ્રયાસો થઈ રહ્યા છે. ત્યારે ઉનાળાની આગ ઓકતી ગરમીમાં ન્યાય પ્રક્રીયાની કામગીરી પ્રભાવિત ન થાય તે માટે એસોસિએશન દ્વારા અગાઉ કોર્ટોમાં એરકુલર મુકવા માટે રજુઆત કરવામાં આવી હતી. જયારે આ અન્વયે જમ્બો એર કુલરની વ્યવસ્થા કરવામાં આવી હતી પરંતુ આ એરકુલરની યોગ્ય જગ્યા ન હોવાથી એર સરકયુલેશનની સમસ્યા ઉભી થઈ છે. બારીમાં મુકવાના બદલે કોર્ટમાં એર કુલર મુકવાથી સફોકેશન અનુભવતા વકીલો અને સ્ટાફને ગુંગળામણ થાય છે.

જયારે અવાજ પણ વધુ થતો હોવાથી કામગીરીમાં પણ ખલેલ પહોંચતી હતી.જયારે આ પ્રશ્નનુ હજુ સુધી નિરાકરણ આવ્યુ નથી. ગાંધીનગરની ડિસ્ટ્રીકટ અને જોઈન્ટ ડિસ્ટ્રીકટ કોર્ટમાં એરકન્ડીશન નાંખવામાં આવ્યા છે. જેના લીધે આ કોર્ટમાં ઝડપી અને સરળતાથી કામગીરી પણ થઈ શકે છે. કોર્ટના કર્મચારીઓ અને વકીલો પણ તાજગી અનુભવે છે. ત્યારે ડિસ્ટ્રીકટ કોર્ટની સાથે અન્ય કોર્ટોમાં પણ આકરી ગરમીના દિવસોમાં સરળતાથી કર્મચારીઓ તાજગીપુર્વક કામ કરે તે માટે એ સી ની વ્યવસ્થા કરવા માટે બાર એસોસિએશને સર્વાનુમતે ઠરાવ કરી યોગ્ય કક્ષાએ રજુઆત કરી છે.


**ટેન્ડર જાહેર નિવિદા**

**વર્ષ : ૨૦૨૦-૨૧**

**ગાંધીનગર મહાનગરપાલિકા**

બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ટેન્ડર ડોક્યુમેન્ટ નં. ૭૮/૨૦૨૦-૨૧

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવે છે.

| | |
|---|---|
| કામનું નામ | Construction of Compound Wall at Vavol Smashaan under GMC area |
| અંદાજીત રકમ | રૂ. ૪,૬૧,૦૫૬.૩૧ |
| ટેન્ડર ફી | રૂ. ૬૦૦/- |
| ઈ.એમ.ડી. | રૂ. ૪,૬૧૧/- |
| ટેન્ડર ઈસ્યુ કરવાનો સમય અને તારીખ | કચેરી સમયે તા. ૫/૩/૨૦૨૧થી તા. ૨૫/૩/૨૦૨૧, ૧૬.૦૦ કલાક સુધી |
| ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ | કચેરી સમયે ૩/૪/૨૦૨૧, ૧૬.૦૦ કલાક સુધી (માત્ર આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી જ સ્વીકારવામાં આવશે. |
| ટેન્ડર ખોલવાનો સમય અને તારીખ | તા. ૫/૪/૨૦૨૧, ૧૨.૦૦ કલાકે |
| બીડ વેલીડીટી | ૧૨૦ દિવસ |

અન્ય વિગતો ટેન્ડર ફોર્મમાં દર્શાવેલ છે. ટેન્ડર ડોક્યુમોન્ટ નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકા, ગાંધીનગર ખાતે કચેરી સમય દરમિયાન ટેન્ડર ફી ભર્યેથી ઉપલબ્ધ કરવામાં આવશે.

સહી/-

માહિતી/૨૦૨૦/૨૦-૨૧ મ્યુનિસિપલ કમિશનર, ગાંધીનગર


રક્તદાન મહાદાન